જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૦/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૯૫૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી ૩૫૩ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૮૫૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૯૫૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## અપહરણઃ-  સમાચાર યાદી નં.૧૯૫૫/૧૬

**રખિયાલઃ** શાહીનબીબી વા/ઓ બશીરખા પઠાણ (રહે.ગુલ્લુભાઇના મકાનમાં, લાલજીભાઇ ફકિરની ચાલી રખિયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી ફિઝા કૌશર (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૧૯૫૬/૧૬

**ગાયકવાડ હવેલીઃ** હલીમાબહેન ઇમ્તીયાઝભાઇ અજમેરી (રહે. ચોથે માળ ચાંદબીબી એપાર્ટમેન્ટ કડીયા શેરી જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૬ સવારના ૧૧/૩૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો અજાણી વ્યક્તિએ ડુપ્લીકેટ ચાવીથી ખોલી, ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૪૨,૧૫૦/- અને રોકડ રૂપીયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૧૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નિકોલ** : હિતેશભાઇ પુજાભાઇ કોટક (રહે, બાલમુકુંદ ગ્રીન બંગ્લોઝ, સરગમ વાટીલા સામે, ગંગોત્રી નિકોલ) એ તા.૨૪/૧૦/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૬ રાતના ૮/૦૦ થી તા.૨૪/૧૦/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને રોકડ રૂપીયા ૧,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૫૭/૧૬**

કૃષ્ણનગરઃ બીનાબહેન વા/ઓફ સુભાષભાઇ પટેલ (રહે. મેરૂ માઉન્ટ રેસીડેન્સી સનરાઇઝ પાર્કની બાજુમાં જીવનવાડી નિકોલ) તા.૨૪/૧૦/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે જીવન ટ્વીન્સ બંગ્લોઝ, મેરૂમાઉન્ટ રેસીડન્સી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બીનાબહેનના ગળામાંથી સોનાનો પેન્ડલ સાથેનો દોરો કિંમત રૂપિયા ૩૭,૫૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બીનાબહેન પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૫૮/૧૬**

**ઓઢવ** : અનિલકુમાર વિરેન્દ્રભાઇ ગુપ્તા (રહે. શિવાનંદ બગ્લોઝ આર.એ.એફ.કંપની સામે, વસ્ત્રાલ રામોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૬ ના સવારનાં ૯/૧૫ વાગ્યાનાં સુમારે સિધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાન નંબર-૩૬, આધ્યશકિત દેવની દુકાનનાં કાઉંન્ટર ઉપર ભીખ માંગવાના બહાને આવેલ પાંચ થી છ અજાણી સ્ત્રીઓ (૩૦ થી ૪૦ વર્ષનાં આશરાની) પોતાની દુકાનના કાઉન્ટર ઉપર મુકેલ રૂપિયા ભરેલ થેલામાંથી અનિલભાઇની નજર ચુકવી થેલાની ચેઇન ખોલી થેલામાંથી રૂપિયા ૨,૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રભાઇ રામાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૫૯/૧૬**

**ગુજરાત યુનિવર્સિટીઃ** ગુલૈયા મુકાશ્યાકાવુબા (ઉ.વ.૨૦) (હાલ રહે. નિલિમા પાર્ક સોસાયટી બંગલો રસ-રંજન સ્વીટ માર્ટ પાછળ, મુળ રહે. મુ.લુસાકા ઝામ્બીયા દેશ) સેટ ઝેવીયર્સ કોલેજ ખાતે ટી.વાય.બી.એ.નો અભ્યાસ કરતી હતી અને એકલી જ રહેતી હતી. તા.૨૩/૧૦/૧૬ રાતના ૮/૫૦ વાગ્યા પહેલા કોઇ પણ સમયે કોઇ અંગત કારણસર પોતાના રૂમમાં સિલીંગની નીચે આવેલ લોખંડની પાઈપ સાથે નાયલોન દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)